ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૧૨.૭ ડીગ્રી
ભેજ
સવારે ૪૭ ટકા ● સાંજે ૨૮ ટકા

# કર્ણાવતી યુનિવર્સિટી ખાતે પર્યાવરણીય શાસન પર આંતરરાષ્ટ્રીય પરિષદ

ગાંધીનગર,તા. ૨૬

કર્ણાવતી યુનિવર્સિટી અને યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લોને આવનારી પેઢીઓ માટે ટકાઉ વિકાસ અને સારા ભવિષ્યને પ્રોત્સાહન આપવા માટે પર્યાવરણીય શાસન પર આંતરરાષ્ટ્રીય પરિષદ, ૨૦૨૩ નું આયોજન કરવામાં આવ્યું હતુ. UWSL અને કર્ણાવતી યુનિવર્સિટીના સહયોગથી સેન્ટર ફોર રિસર્ચ ઓન એન્વાયર્નમેન્ટલ સ્ટડીઝ એ આપણા માનનીય વડાપ્રધાનની અપીલને જન ચળવળમાં ફેરવવા માટે ૨૫ ફેબ્રુઆરીએ પર્યાવરણીય શાસન પર આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કર્યું હતું. પર્યાવરણ માટે જીવનશૈલીને સમર્થન આપીએ છીએ- ‘લાઈફ મૂવમેન્ટ’, પર્યાવરણ માટે જીવનશૈલી એ પર્યાવરણ પ્રત્યે સભાન જીવનશૈલી તરફની ચળવળ છે. કાર્યક્રમના ઉદઘાટન સમારોહની શરૂઆત ભાવિ પેઢીને બચાવો દ્વારા સ્વાગત પ્રવચન દ્વારા કરવામાં આવી હતી. આર.કે.સુગુર, IFS અધિક મુખ્ય વન સંરક્ષક અને નિયામક, અને પ્રો. ડૉ. બિનો પોલ પ્રો-વાઈસ ચાન્સેલર, TISS, મુંબઈ ની હાજરીથી શ્રોતાઓ ધન્ય બન્યા હતા. દીપ પ્રાગટ્ય પછી, મહેમાનોનું ડીન મેમ, પ્રો. ડૉ. પી. લક્ષ્મી દ્વારા સન્માન



કરવામાં આવ્યું હતું. શ્રી બિનો પોલ, માનનીય અતિથિએ સામાજિક સ્થિરતાની અસ્પષ્ટતા પર વકતવ્ય આપ્યું. તે વધુ જણાવવા માટે આંકડા રજૂ કર્યા કે મુખ્ય ટકાઉપણું ફક્ત આપણી આસપાસના લોકો દ્વારા જ શક્ય બનશે.ત્યારપછી આર.કે. સુગૂર એ કહ્યું, “ઘણા નિયમો છે પરંતુ ઘણા કૃત્યો નથી”. ૧૦૦-૧૫૦ વિદ્યાર્થીઓ દ્વારા આપણા સમાજમાં ટકાઉ વિકાસને સમર્થન આપવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. સંશોધન પત્રોની રજૂઆત અને ટૂંકા ભોજન વિરામ બાદ વિદાય સમારંભ યોજાયો હતો. સમારંભમાં ડો. ટી. કરુપ્પાસામીએ, IFS નાયબ વન સંરક્ષક તેમની હાજરીથી સૌને આશીર્વાદ આપ્યા હતા. તેમણે જંગલોના સંરક્ષણની મહત્વની હકીકતો પર પ્રકાશ પાડ્યો હતો અને ગુજરાતમાં વધી રહેલી જંગલની જમીનોના આંકડા દર્શાવ્યા હતા. તેમણે UWSL ને જ્યારે અને જ્યાં જરૂર હોય ત્યાં મદદ કરવા માટે પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી અને પર્યાવરણ વિશે જાગૃતિ વધારવા માટે કોન્ફરન્સના ભાગ રૂપે UWSL દ્વારા લેવામાં આવેલી પહેલની પણ પ્રશંસા કરી. વક્તવ્ય બાદ સંશોધન પેપર રજૂ કરનાર તમામ સહભાગીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

**જન્મદિને વધામણી**



મોનિકા વિપુલ વ્યાસ





જલય કે. પાઠક



ચિરાગ દેવેન્દ્ર વૈશ્યક
મો.૯૪૨૭૬ ૦૭૮૨૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

-સંપાદક

# ભારતીય વિચાર મંચ દ્વારા "રામરાજ્ય અને ભારતીય બંધારણ" વિષય પર વ્યાખ્યાન યોજાયું







ભારતીય વિચાર મંચ ગાંધીનગર દ્વારા "રામરાજ્ય અને ભારતીય બંધારણ" વિષય પર સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ અધિવક્તા અને - સ્છદ્ગ તરીકે જાણીતા અશ્વિની ઉપાધ્યાયજી ના જાહેર વ્યાખ્યાન નો કાર્યક્રમ ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ રવિવારે, સભાગૃહ, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, સેક્ટર-૯, ગાંધીનગર ખાતે યોજાયો. જેમાં ૨૪૦ જેટલા પ્રબુદ્ધજન ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં અશ્વિનીજીનું અભિવાદન પ્રાંતના કાર્યકારી અધ્યક્ષ સુનિલભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. પોતાના વકતવ્યમાં શ્રી અશ્વિનીજીએ નીચે મુજબના મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો.

રામરાજ્ય એટલે શું? બાબાસાહેબ આંબેડકર દ્વારા રચાયેલ ભારતીય બંધારણ દ્વારા તેને કેવી રીતે લાગુ પાડી શકાય?

ઈન્ડિયન પીનલ કોડ ની તર્જ પર દેશના તમામ નાગરિકો માટે સમાન ઈન્ડિયન સિવિલ કોડની રચના

ભ્રષ્ટાચાર વિરુદ્ધ સખત કાયદા બનાવીને દેશના જીડીપીમાં ૨% નો વધારો થઈ શકે.

સરકાર રિનેમિંગ કમીશન બનાવીને દેશના તમામ સ્થળોના મૂળ નામ ફરી પાછા પ્રસ્થાપિત કરે જે આક્રંતાઓ દ્વારા બદલવામાં આવ્યા હતા.

દેશના દરેક નાગરિકોએ પોતાના વિસ્તારના ધારાસભ્યો તથા સાંસદોને દેશહિત માટે જરૂરી એવા કાયદા લાગુ પાડવા માટે રજુઆત કરવી જોઈએ.

અશ્વિનીજીના વકતવ્યને શ્રોતાઓ દ્વારા વારંવાર તાળીઓના ગડગડાટ સાથે વધાવી લેવામાં આવ્યું હતું. સમાપનવિધિ ભારતીય વિચાર મંચ ગાંધીનગર કેન્દ્રના અધ્યક્ષ પ્રવીણ વાટલીયા દ્વારા થઈ હતી અંતે કાર્યક્રમની પૂર્ણાહુતિ વંદે માતરમ ગાન સાથે થઈ હતી.

# બ્રહ્માકુમારીઝ સેકટર-૨૫માં પેઈન મેનેજમેન્ટ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

રવિવારે સવારે બ્રહ્માકુમારીઝ સેકટ.૨૮, ગાંધીનગર ખાતે દુખાવાથી પીડિત દર્દીઓ માટે સેવાકેન્દ્ર પ્રભારી આદરણીય કૈલાશદીદીજી દ્વારા પેઈન સ્પેશિયાલિસ્ટ ડૉ.રાજીવ હર્ષેનો મફત નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. બ્રહ્માકુમારીઝ ગાંધીનગરના મિડિયા સંયોજક ભરત શાહ જણાવે છે કે,આ કેમ્પમાં ડૉ.રાજીવ હર્ષે દ્વારા કમરનો દુખાવો, સાઈટીકા અથવા રાંજણ, ઢીંચણનો દુખાવો, ખભાનો દુખાવો તથા જકડાવું, ગરદનનો દુખાવો, મોઢાની નસનો દુખાવો, કેન્સરનો દુખાવો, સ્નાયુનો દુખાવો, મણકાનું કે ઢીચણનું ઓપરેશન થયા પછી પણ રહેતા દુખાવાથી પિડિત દર્દીઓનું જાતે નિદાન કરેલ. મોટી હોસ્પિટલમાં ઓપરેશન થિયેટરમાં જેનો રુ.૨૦,૦૦૦ થી ૩૦,૦૦૦ના ખર્ચે આવે છે તથા ડોક્ટર પણ પોતાના ક્લિનિક પર આ જ તપાસના રૂ.૮૦૦/- અને એકુપંચર સારવારના ૧૦૦૦/- લે છે તે સારવાર દદીએ આપેલ સહમતીના આધારે આ કેમ્પમાં મેડિકલ એકુપંચર/નીડલ થેરાપીથી સંપૂર્ણ મફત કરવામાં આવેલ તથા સારવાર પત્યા પછી દર્દીને દસ ગોળી પેરાસિટીમોલ પણ મફત આપવામાં આવી હતી.



સારવારનો ૭૦ જેટલાં દર્દીઓએ લાભ લીધેલ. તેઓ જ્યારે સારવાર લઈ બહાર આવતાં હતાં ત્યારે તેમના ચહેરા પર દુખાવામાં રાહત થયાની ખુશી ઝલકતી હતી અને કોઈપણ જાતના ખર્ચ વગરની આ સારવાર માટે ડૉ.રાજીવ હર્ષે અને આદરણીય રાજયોગિની કૈલાશદીદી સહિત સૌ આયોજકો માટે દિલની દુઆ વહેતી જોવા મળ્યો હતો.

### ડ્રગ્સ મુક્ત સમાજ અને દેશ માટે ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે સ્નેહ શિલ્પ ફાઉન્ડેશન દ્વારા આયોજિત

# શિલ્પ આરંભ ગિફ્ટ સિટી રન યોજાઈ

**૧૫,૦૦૦થી વધુ મેરેથોન દોડવીરો એ સવારે ૫ વાગ્યા થી ૨૧ કિલોમીટર, ૧૦ કિલોમીટર અને ૫ કિલોમીટરના મેરેથોન માટે આપ્યું હાજરી : પ્રથમ વક્ત દિવ્યાંગો માટે ૫ કિલોમીટરનો વિશેષ દોડનું આયોજન**







ગાંધીનગર, તા.૨૬

ભારત દેશના આઝાદીના ૭૫મા વર્ષ નિમિત્તે “ડ્રગ્સ ફ્રી ઈન્ડિયા ના મજબૂત સંકલ્પની ઉજવણી કરવા માટે અને ડ્રગ્સ તથા નાર્કોટિક્સ સામે ઝીરો ટોલરન્સ પોલિસી અપનાવવા માટે આજે ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતે શિલ્પ આરંભ ગિફ્ટ સિટી રન ૨૦૨૩ના આયોજન કરવામાં આવ્યો હતો. સાથે સાથે શિલ્પ આરંભ ગિફ્ટ સિટી રન ૨૦૨૩ અમદાવાદની એકમાત્ર મેરેથોન બન્યો જે ડ્રગ મુક્ત સમાજ માટે કટિબદ્ધ છે અને સ્વસ્થ ભવિષ્ય તરફ પરિવર્તન લાવવાનું વચન આપે છે.

જાણીતા રેસ ડાયરેક્ટર શ્રી સુરપ્રીત સિંહ ખાલસાના સક્ષમ માર્ગદર્શન હેઠળ, ૧૫,૦૦૦થી વધુ મેરેથોનર્સ એ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૩ - રવિવારના રોજ સવારે ૫ વાગ્યે થી 5Kms, ૧૦Kms અને ૨૧Kms ના મેરેથોનમાં ભાગ લીધા. આ મેરાથોનમાં આકર્ષક ઈનામી રકમ, ટી શર્ટ્સ, મેડલ્સ , સર્ટિફિકેટસ અને વિવિધ સ્થળોએ વિસ્તૃત રિફ્રેશમેન્ટની વ્યવસ્થાઓનું ખાસ આયોજન કરવામાં આવ્યું.

સ્નેહ શિલ્પ ફાઉન્ડેશનના સ્થાપક - શ્રીમતી સ્નેહલ બ્રહ્મભટ્ટ, શિલ્પ ગ્રુપના ફાઉન્ડર અને સીઈઓ - શ્રી યશ બ્રહ્મભટ્ટ, નિવૃત્ત આર્મી ઓફિસર, કારગિલ યુદ્ધના હીરો અને દેશનો પ્રથમ બ્લેડ રનર મેજરશ્રી દેવેન્દ્ર પાલ સિંહ, અધિક કમિશનર ડીજીપીએસ અને ઈન્ડિયન મહેસૂલ સર્વિસીસ ખાતાના શ્રી સમીર વાનખેડે તથા સ્નેહલ ગ્રુપના મેનેજીંગ ડિરેક્ટર, ઉદ્યોગસાહસિક અને પરિવર્તન નિર્માતા - શ્રી ચિરંજીવ પટેલની હાજરીમાં વિજેતાઓ ને મેડલ્સ, સર્ટિફિકેટસ અને ઈનામો વિતરણ કરવામાં આવ્યું હતું.

# માણેકપુર ખાતે નેત્ર નિદાન અને ડાયાબિટીસ અવેરનેસ કેમ્પ યોજાયો

ગાંધીનગર,તા. ૨૬

લાયન્સ કલબ ઓફ ગાધીનગર અને પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ દ્વારા એનએસએસ પોગ્રામ ઓફિસર ડો.સજ્જનબેન કે ચૌધરી ના નેતૃત્વમાં માણેકપુર ખાતે નેત્ર નિદાન અને ડાયાબિટીસ તપાસ અવેરનેસ કેમ્પનું આયોજન લાયન ડો.જયતીભાઈ પ્રજાપતિ ના સૌજન્ય થી કરવામાં આવ્યું હતું જેમાં ૧૮૨ લાભાર્થીઓની તપાસ કરવામાં આવી હતી. ૧૩૮ લાભાર્થીઓને રાહત દરે ચશ્માં વિતરણ, ૧૧ વ્યક્તિઓ મોતિયાના ઓપરેશનની જરૂરિયાત વાળા જણાયેલ હતા. તેમજ ૬૭ જેટલા દર્દીઓની ડાયાબિટીસની તપાસ કરી યોગ્ય માર્ગદર્શન પુરુ પાડ્વામા આવ્યું હતું. આ કેમ્પ માં લાયન્સ કલબ ઓફ ગાધીનગર ના સભ્યો તેમજ પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ ના પાધ્યાપકો ઉપસ્થિત રહ્યાં હતા.











સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચલિત એસ જી અને એસ વી અંગ્રેજી માધ્યમ પ્રાથમીક શાળા મા ’પેરેન્ટ્સ ટોક’ પ્રવૃતિ નુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા ૧ થી ૮ માં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓ ના વાલીશ્રીઓએ વિવિધ વિષયો ઉપર પોતાના વક્તવ્ય ધ્વારા વિધ્યાર્થીઓ ને માહિતગાર કર્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક જોડાયા હતાં .



"જનસેવા એજ પ્રભુસેવા" ઉદેશ્ય સાથે ગાંધીનગર મહાનગરપાલિકા અને હેલ્પિગ હેન્ડ્સ ટ્રસ્ટ દ્વારા આયોજિત "ફ્રી મેડિકલ કેમ્પ" માં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા એ ગોવર્ધન હોલ, ખોરજ ખાતે હાજરી આપી હતી. આ કેમ્પમાં આંખોની તપાસ, બાળકોની અને જનરલ તપાસ કરવામાં આવી હતી, જેનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. આ વેળાએ ગાંધીનગર(દક્ષીણ)ના ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, સ્ટે.ચેરમેન જશવંતભાઈ પટેલ, આરોગ્યની ટિમ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.



મન કી બાત - દેશના નાગરિકોને પ્રેરણાત્મક માર્ગદર્શન પ્રાપ્ત થાય તે હેતુથી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો લોકપ્રિય કાર્યક્રમ "મન કી બાત" વોર્ડ નં-૧૦ના પ્રમુખ મનીષભાઈ પટેલના નિવાસસ્થાને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા નિહાળી, પ્રેરણાત્મક માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. આ કાર્યક્રમમાં કિસાન મોરચાના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી તથા રાજ્યસભાના સાંસદ ડૉ.અનિલભાઈ બોન્ડે, શહેર ભાજપ પ્રમુખ રુચિરભાઈ ભટ્ટ, ગાંધીનગર(ઉત્તર)ના ધારાસભ્ય રીટાબેન પટેલ, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, કાઉન્સિલર તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સમર્પણ મુક-બધિર શિશુ વિદ્યામંદિર દ્વારા સાતમા સમૂહ લગ્નોત્સવનું આયોજન

સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ મુક બધિર શિશુ વિદ્યામંદિર દ્વારા સાતમા સમૂહ લગ્નોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે જે તારીખ ૨ માર્ચ ને ગુરુવારે સેક્ટર ૨૨ રંગમંચ, પંચદેવ મંદિર પાછળ યોજાશે. આ સમૂહ લગ્નોત્સવમાં ૧૨ જેટલા નવદંપતીઓ પ્રભુતામાં પગલા પાડશે. આ સમૂહ લગ્ન ઉત્સવમાં ડેપ્યુટી મેયર- પ્રેમલસિંહ ગોલ, કલ્પતરુ પાવર ટ્રાન્સમિશનના ડાયરેક્ટર- કમલ કિશોર જૈન અને ગાંધીનગર સમાચારના તંત્રી, કૃષ્ણકાન્ત જહા મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે.

## નેહરૂ યુવા કેન્દ્ર અને એસ.ડી.આર્ટસ અને બી.આર કોમર્સ કોલેજ દ્વારા કેરિયર ગાઈડન્સ વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

નેહરુ યુવા કેન્દ્ર-ગાંધીનગર દ્વારા દર વર્ષે અલગ અલગ તાલુકામાં કેરિયર ગાઈડન્સ વર્કશોપનું આયોજન કરવામાં આવે છે જેમાં વિષય તજજ્ઞ દ્વારા યુવાનોને કરિયર બાબતે સવિશેષ માહિતગાર કરવા માટે આવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમનું આયોજન નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર અને એસ.ડી.આર્ટસ અને બી.આર.કોમર્સ કોલેજ, માણસાના સહયોગથી જીલ્લા કક્ષાના કેરિયર ગાઈડન્સ વર્કશોપનું આયોજન તા.૨૭-૦૨-૨૦૨૩નાં રોજ સવારેઃ- ૦૯:૦૦ કલાકે એસ.ડી.આર્ટસ અને બી.આર.કોમર્સ કોલેજ કેમ્પસ, માણસા ખાતે રાખેલ છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. ઠાકોર જેણાજી ઉદાજી - ૩૮, શિહોલીમોટી
- સ્વ. બલબીરસિંગ, ૭૬, અમદાવાદ
- સ્વ. પરમાર મણીબેન મુળજીભાઈ, ૬૯, ગાંધીનગર
- સ્વ. ભરવાડ ભુરીબેન માતમભાઈ, ૧૦૭, ગાંધીનગર
- સ્વ. દંતાણી કમલેશભાઈ કનુભાઈ, ૨૧, આદીવાડા
- સ્વ. આચાર્ય દિવાકર ત્રંબકલાલ, ૯૭, ગાંધીનગર
- સ્વ. ઠાકોર તખીબેન ગલાજી, ૭૦, ઈન્દ્રોડા,
- સ્વ. તલવાડી સવિતાબેન ભુપેન્દ્રભાઈ, ૬૮, ગાંધીનગર

**દેહદાન શ્રેષ્ઠદાન**